# શેઠ ડી.એમ.પોલિટેકનીક ઇન હોર્ટીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડેલ ફાર્મ, વડોદરા

## એન.એસ.એસ ખાસ શિબિરનું આયોજન

શેઠ.ડી.એમ પોલીટેકનીક ઇન હોર્ટિકલ્ચર દ્વારા ગામ: વડતાલ તા: નડિયાદ, જી:ખેડા ખાતે એન.એસ.એસ અંતર્ગત તા: ૦૪-૦૩-૨૦૨૪ થી ૦૯-૦૩-૨૦૨૪ દરમ્યાન ખાસ શિબિરનુ આયોજન કરવામાં આવેલ હતું જેમાં એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રીકાંત ભાસ્કરરાવ કાટોલે, કોલેજ સ્ટાફ, મદદનીશ સ્ટાફ અને ૪૦ સ્વયંસેવકોએ વિવિધ પ્રવૃતી કરેલ હતી. શિબિરના ઉદ્ઘાટન સમારંભમાં કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડો. વિ. કે. પટેલ, વડતાલના સરપંચશ્રી અને તથા દૂધ મંડળીના સેક્રેટરીશ્રી હાજર રહેલ હતા. ઉદ્ઘાટન સમારંભમાં એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રીકાંત ભાસ્કરરાવ કાટોલે જણાયું કે રાષ્ટ્રીય સેવા માટે વિધ્યાર્થીઓ માં અભિરુચિ કેળવાય અને સમાજસેવાના માધ્યમથી વ્યક્તિત્વ વિકાસ થાય અને લોકો સાથે મળીને રચનાત્મક અને સામાજિક કાર્યો કરવા તથા શિક્ષીતો અને અભણ વચ્ચે અંતર ઘટાડવું, સમાજના નબળા વર્ગો માટે સેવા કાર્યો કરવા, કુદરતી આપતિ સમયે તાત્કાલિક સેવા કાર્યો કરવા યુવાધન તૈયાર કરવું વિગેરે એનએસએસ ના મુખ્ય હેતુઓ છે.

ડો. વિ. કે. પટેલ, મદદનીશ પ્રાધ્યાપકે NSS ના ઇતિહાસ વિષે વાત કરી તેને લગતી વિવિધ પ્રવૃતિ વિષે વિધ્યાર્થીઓને ટૂકમાં માહિતી આપતી હતી. શિક્ષા મંત્રાલય દ્વારા ૧૯૬૯-૭૦ થી સમગ્ર ભારતમાં આ દિવસે શાળા, કોલેજોના વિદ્યાર્થીઓ વિવિધ કેમ્પ કરી આરોગ્ય શિબિર, પ્રૌઢ શિક્ષણ, રક્તદાન, સામુહિક સફાઈ જેવા રચનાત્મક અને સામાજિક કાર્યો કરે છે. તે ઉપરાંત એનએસએસ ના સ્વયંસેવકો કુદરતી આપતિ જેવીકે રેલસંકટ, દુકાળ, ભૂકંપ વગેરે સમયે તત્કાલીન સારી કામગીરી કરી સમાજ પ્રત્યેની ફરજ બજાવે છે. આ ખાસ શિબિર દરમ્યાન સ્વયંસેવકોદ્વારા વિવિધ સમાજલક્ષી પ્રવૃતિ કરેલ હતી જેવીકે વડતાલ ગામનાં સર્વે, કુમાર શાળામાં સફાઇ અભિયાન, સ્વછતા રેલી, મંદિરના બગીચાની જાળવણી, વ્યસન મુકતી તેમેજ પ્રાથમિક આરોગ્ય

વિશે જાણકારી આપેલ હતી. વ્યસન મુકતી કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું. રેલી દ્વારા જનજાગૃતિ કાર્યોક્રમો જેવા કે વ્યસનમુક્તિ, ટ્રાફિક ના નિયમો, બેટી બચાઓ બેટી પઢાઓ, પ્રાકૃતિક ખેતી અપનાઓ, સ્વછતા રેલી વિગેરે.

આ ખાસ શિબિર દરમ્યાન વડતાલ સ્વામિનારાયણ મંદિરની ગૌશાળામાં પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ. તે ઉપરાંત પ્રાથમિક સારવાર, ઇમરજન્સીના સમયે શું કરવું, સી.પી.આર. જેવા વિષયો પર સેમિનારનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ શિબિર દરમિયાન સર્વે વિદ્યાર્થીઓ ઉત્સાહઉભેરથી ભાગ લીધેલ. સમગ્ર શિબિરનું આયોજન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રીકાંત ભાસ્કરરાવ કાટોલે દ્વારા આચાર્યશ્રી અને માનનીય કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ કરવાંમાં આવેલ હતું.

## ખાસ શિબિરની ઝાખીઓ














NATIONAL SERVICE SCHEME
SHETH D. M. POLYTECHNIC IN HORTICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
MODEL FARM, VADODARA - 390003






Traffic Control
રાષ્ટ્રીય સેવા યોજના
ખાસ શિબિર


રાષ્ટ્રીય સેવા યોજના
શેઠ ડી. એમ. પોલિટેકનિક ઈન હોર્ટિકલ્ચર
આ.કૃ.યુ. મોડલ ફાર્મ, ગેડા સર્કલ પાસે,
વડોદરા - ૩૯૦ ૦૦૩
વડતાલ


Traffic Control
રાષ્ટ્રીય સેવા યોજના


SWACHH BHARAT ABHIYAN
CLEAN INDIA
GREEN INDIA
રાષ્ટ્રીય સેવા યોજના


SPINNER


NATIONAL SERVICE SCHEME
SHETH D. M. POLYTECHNIC IN HORTICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
MODEL FARM, VADODARA - 390003



